શ્રી શક્ત સ્તુતિ.

પધાત્મક્.

રચી પ્રસિદ્ધ કરનાર.

મોતીચંદ વિ શામજી માથોણી.

મોરબો નીવાસી.

આવૃતી પેહેલી

શીખરિણીછંદ.

अर्पण पत्रीका.

મીત્ર વર્ય હીરાચંદ ઝવેરચંદ દેશાઇ.

મુ મોરબી

હરિગીત છંદ.

સુદઢ અને, સાચી ફરજ શાસ્ત્રે લખી,
બજાવે ફર્જ ખાસી, પુર્ણ પ્રીતી પારખી;
એ પુર્ણ પ્રીતી મુજ પરે, સન્મીત્ર તારી ન્યાળિને,
મન મુદીત મારૂ થાય છે, તુજ પ્રીય છબીને ભાળિને;
ગુણ શાળીને ગભીર શાણો, ચીત્ત ચાહે મુજ ખરૂ,
તમ્હી લીએ મુજ શ્રેય, માટે હૃદયથી ના વીસરૂ,
મુજ ઉદય અર્થે બોધ સારો, સતત્ આપે હેમણી,
એ મૈત્રીનુ વીચીત્ર ચીત્ર, લીધુ મુજ મનથી ગણી,
ને બાળપણથી સ્નેહ, વિદ્યા મદીરે સાથે જતા,
ભીનત્વપણુ નાની વયે, નહિ લગીર કોદિ ભાળતા,
તુ વીનય પાલક હૃદય ઠારક, મીત્ર પળપળ હુ સ્મરૂ,
સાદર અને સદ્ ભાવથી, લઘુગ્રન્થ આ અર્પણ કરૂ

હુ છુ શુભેચ્છક

વૈદ્ય વી. શામજી માધાણી.

પ્રસ્તાવના.

અહો ! શાણા અને વિજ્ઞાની આર્યે સદ્ગૃહસ્થો ! મેં મારી અ-
લ્પમતી પ્રમાણે રચેલુ "શકત સ્તુતી" નામનું એક લઘુ પુસ્તક આ-
પના ચરણામ્બુજ આગળ નીવેદન કરવા ઉત્કંઠીત થયો છુ તે
ચીતે વાચી સાર ગ્રહણ કરવા જીજ્ઞાસુ થશો, એવી હુ અ
આ પુસ્તકને રચી પ્રસિદ્ધ કરવાનો વિચાર ત
જમા નહી હતો, પરતુ કેટલાએક ભકત્યાનુરાગી ગૃહસ્થોના
રચી પ્રસિધ્ધ કરવાનો મુને આ અલભ્ય પ્રસગ મળી આવ્યા.
તો પ્રમાદ તરફ મશ્કરી નહી કરતા ઉત્તેજક થઈ સુધારવા સુચના ક
રશો જેથી હુ આપનો પુર્ણ અનુગૃહીત થઈશ

શકતી એ સાક્ષાત્ છે, એ શાસ્ત્ર અને સુપ્રસિદ્ધ કાવ્યો ઉપ-
રથી સીદ્ધ થાયછે તો આ દેવી જેને આપણે શકત માતા કહીએ
છીએ તે પણ શકતી છે અને મારા મત્યાનુસાર "શક્ત" એ નામ
શક્તીનુ અપભ્રશ થયું છે શકતીની માનતા ઘણીજ ચાલે
દર્શનાર્થે સૌરાષ્ટ (આખા) માથી ઘણા ગૃહસ્થો વીગેરે આવે છે
શકતને ચારણ તથા ઝાલા રજપુતો પોતાની દેવી ગણી પુજે
છે અને "શકતમા" તેની દેવી છે એ નીચેના ઉદાહરણ પરથી સી-
દ્ધ થાય છે—

પ્રાચીન કાળમા હીંદુસ્તાનના
હીંદુ રજપુત રાજા હતા, અને વી
નુમી તેના ધણી પણ સોલકી, આ
સદીને વીર ગુર્જર

તેની રાજધાનીનું શહેર અણુહીલપુર પાટણ હતું રાજા કરણની મ. નીતી રાણીઓમાની એક પટરાણી કે જેનુ નામ પુલારાણી હતુ, તેને બાબરો ભુત વળગ્યો હતો સદરહુ ભુતના જુલમથી તે પટરાણી મહા શોક અને ગમગીનીમા આવી પડી એટલુજ નહી પણ તેની પથા દીન પ્રતીદીન શુષ્ક અને કૈવત હીણુ થવા લાગી આ શોચનીય સં કટ જોઈ મહારાજા કરણ મોટી ચીંતામા આવી પડ્યો, અને એક વસે તાના મહેલમા એકાએક બેઠો હતો દરમ્યાન કીન્તી ગઢના જા કેશરનો કુવર મકવાણા ભુષણ રૂપ હરપાળ ત્યા આવી ચ. ડ્યો હરપાળ તેની માસીનો દીકરો ભાઇ હતો, એટલે ત્યા. જવાની તેને કશી હરકત આવી નહી રાજા કરણ ને ચીંતાધીન જોઇ હરપાળે સવીનય પુછ્યુ કે અહા ભાઇ કરણ, તમે આટલા બધા ચીંતાગ્રસ્ત થયા છો તેનુ કારણ શુ? કરણે પોતાની ચીંતા ઘણીજ ાર્જવતા કરવાથી જાહેર કરી જેથી હરપાળ તે બાબરા ભુત ઉપર ક્રોધારૂઢ થયો અને રાજા કરણને નચીંત રહેવાનુ કહી હીમત આપી ને કહ્યું કે એ સંકટ "મારે ટાળવુ" રાજા કરણે જો કે બરાબર માન્યું નહી તોપણ હરપાળના ચરીત્રનુ પારખું લેવા દીધુ

બીજે દીવસે રાત્રીને વિશે બાબરો ભુત આવી જેવો રાણી પુલાને દુભવવા લાગ્યો તેવોજ હરપાળ જે છાનો માનો સંતાઇ ર-

ને ... બહાર નીકળી બાબરાની ચોટી પક

ડી ત્યા દ્વંદ યુદ્ધમાં [illegible]

હરપાળે બાબરાને સુપર પાડી

ર ચડી બેસી સોગંદ ખવરાવ્યા કે

બીને દભવવી આ શીવાય વળી

તે ભુત પાસેથી વચન લીધુ કે સકટ વખતે સહાય કરવી

વીજય પામેલો હરપાળ સહર્ષ કરણ રાજા પાસે ગયો અને સવીસ્તર હકીકત કહી, આવા વર્તમાનથી કરણ ઘણોજ ખુશી થયો અને તે દીવસ માગલીક ગણ્યો પ્રસન થયેલા કરણ રાજાએ હરપાળ ને જે જોઇએ તે માગવાનુ વચન આપ્યું, જેથી હરપાળે એક રાત્રીમા જેટલા ગામને તે તોરણ બાધી શકે તેટલા ગામ પોતાના થાય એવુ વચન નાખ્યુ કરણ રાજાએ તે વચન ઘણીજ ખુ ીસ સ્વીકાર્યું, કારણ કે તેના દીલમા એવો વિચાર ન આવ્યો કે તે ણચાર કરતા વધારે ગામને તોરણ બાધી શકશે

હરપાળ ત્યાથી ચાલી એક ઘેટો તથા સીસો લઇ સ્મશાનમા ગયો અને તે ઘેટાને શેકી ખાવાને લાગ્યો તેટલામા શકતીએ હરપાળની પાછળ ઉભા રહી લાબો હાથ કરી માગ્યો જેથી હરપાળે પોતે નહી ખાતા શકતીને આપ્યો એમને એમ કરતા સર્વ ઘેટા શકતી ખાઇ ગયા, તોપણ હરપાળ ના હીમત થયો નહી પણ પોતાના સાથળ વીગેરેમાથી માસ કાઢી શકતીને તૃપ્ત કરવા મડયો -સ્વ અવયવ શર્ક્તને ભોગ આપવામા ખપી ગયો તોપણ શકતીએ લાબા હસ્ત કરવા બધ રાખ્યું નહી જેથી હરપાળે પોતાના બે હાથે શરીર (જે કાઇ બાકી રહ્યુ હતુ તે) ચીતામા (બળતામા) શેકવા માટે નાખવાની તૈયારી કરી પણ દરમ્યાન

હરપાળ સામા આવ્યા, અને તેન

હરપાળ સર્વ અવયવ સજીવન ક

પ હુ તારી સાથે પરણેવા ઇચ્

મારી સાથે પ. મુને લાજમ .

થી બંને પરણ્યા અને કહ્યુ કે આ વાતથી કોઇ વાકેફ થાય નહિ એ વાસ્તે હે હરપાળ તું કાળજી રાખજે

ત્યારબાદ હરપાળે તોરણ બાધવાની વાત શકતીને કહી જેથી શકતી સીંહપર સ્વાર થયા અને હરપાળ રૈવંતપર સ્વાર થયો અને બાબરાભુતને શરણે બોલાવી તોરણ બાધવા નીકળ્યા, અને એક રાત્રીમાં બે હજાર ગામને તોરણ બાધ્યા જ્યા દેવડીએ આવ્યા ત્યા ઉદય થું, જેથી બાધવાનુ કામ બંધ રાખ્યુ ત્યારબાદ હરપાળ જ કરણ પાસે ગયો અને સવીસ્તર સર્વે હકીકત કહી, આથી કરણ ચકીત થઇ ગયો અને ઉડા વિચારમા પડયો, પણ તે શુ કરે વચન પાછુ પડે નહિ, બે હજાર ગામ દેવા કબુલ કર્યા ત્યાર બાદ હરપાળ પાટડીએ તખ્ત નશીન થયો

બે હજાર ઝાલાવાડના ગામ હરપાળ ભોગવે એથી કરણને ચેન પડે નહીં. કરણનુ ચીંતાગૃસ્ત મુખારવીંદ જોઇ તેની પટરાણી ફુલારાણીએ કહ્યુ કે "અહો રાજાજી મુને ભુતનો ભય ગયો છતાં તમારૂ વદન હજુ ચીંતા ચીન્હ પ્રદર્શીત કરે છે કરણરાજાએ રાણીને ચીંતાની વાત દરશાવી જેથી ફુલારાણીએ કહ્યુ" અહો રાજાજી જો આજ્ઞા કરો તો થોડાએક ગામ તો પાછા મેળવુ, કારણ કે જ્યારથી એણે મારો ભુતનો ભય ટાળ્યો ત્યારથી હું એને ભાઈ તરીકે
) એને ' `) ' 'ગી છે તો પસલીનું બાનુ કાઢી ત્યા
ણી ફુલા ત્યા જઈ પસલીમા પા-
થી કરણરાજાને કાઇક '
ગો હરપ

એક દીવસે મકવાણા હરપાળે એક હસ્તી જે મદોન્મત્ત થયો હતે તેને છોડી મુક્યો છુટો થયેલો હાથી દરબારના ચોકમા બંને છોકરા રમતા હતા ત્યા આવી ચડયો અને સુંઢમા લેવા જતો હતો દરમ્યાન શક્તીએ દ્રષ્ટી પડતા મહેલની બારીમાથી બને હસ્ત ખુબ લબાવી એકને ઝાલી લીધો અને બીજાને ટાપર મારી ખસેડી દીધો હાથીના વાસે ઘણા માણુસો હતા તે આ ચમત્કાર જોઈ હેરત પામ્યા, પણ શક્તીએ જાણ્યું કે લોક સમુહને હવે ખબર પડી તેથી જ્વાળ રૂપે ઉડી ગયા જે કુવરને ઝાલ્યા તેના વશજો ઝાલા રજપુત કહેવાણા અને જેને ટાપથી મારી તેના વશજો ટાપરીઆ ચારણ કહેવાણા આ ઝાલાના વશજો હાલ ઝાલાવાડના ધણી છે

આ શક્તાને ઝાલા પોતાની દેવી ગણી પુજે છે માતા શક્તનુ શ્રી મયુરપુરી (મોરબી) તાબે શનાળુ જે ગામડુ છે તેમા સુદર ધામ છે

આવા ધાર્મિક કાર્યમા લીમડી નીવાસી શેઠ ઓધડલાલ દોલતગમે જે ઉત્કંઠા બતાવી છે અને જેના વોજ આ કામ ત્વરાથી પ્રસીદ્ધ કરવાનો મુને પ્રસગ મળ્યો એમ કહેવુ કઈ ખોટુ નથી તા ૧૮–૨–૯૨ ઈસ્વી

મોરબી — લી મોતીચંદ વિ. શામજી માધાણી.

શ્રી શકત સ્તુતી.

મંગળાચરણ.

પ્રભુ પ્રાર્થના.

વસંત તિલકા વૃત.

નીશા મણી દીન મણી કરનાર સ્વામી,
તારા ગણે વળિ કર્યા, નભમા ન ખામી,
એવા પતી જગતના, દિનના દયાળ,
રાખે સુખી સરવદા, અમને કૃપાળ
તારી ગતી અકળ છે, કદિ ના કળાય,
શકતી વળી અતુળ છે, નહિ જે મપાય;
પાળે પ્રભૂ પ્રસુતને, પ્રિતથી ભુપાળ,
રાખે સુખી સરવદા, અમને કૃપાળ
ન્યાયી ખરે સુરપતી, ન કચાશ લેશ,
દંડે નકી ખળપતી, ક્રૂરને ભવેશ;
આસ્તીક[illegible] દખ દધી જગરાય ટાળ,
[illegible] અમને કૃપાળ.
[illegible], ગુણના નિધાન,
[illegible]ણી, ભગતી પ્રમાણ;
[illegible] કૃપા કરિ હરી, વર એ તુ [illegible]

રાખે સુખી સરવદા, અમને કૃપાળ.
મોટા મુની રૂષિ જનો, પ્રિત પુર્ણ આણી,
આરાધના નકિકરે, સુરતાજ જાણી,
એવા પ્રભુ ભયહરા, અત્ર ઓત્રબાળ,
રાખે સુખી સરવદા, અમને કૃપાળ
ભાવે રચી વસુમતી, ભગવાન પ્યારા,
કીધા વળી સર નદી, જળસ્થાન સારા,
ખૂબી કરી જગત પાળન હાર સ્વામી,
આઇ રૂડા પટ વૃતો, શિશનાથ નામી

શાર્દુલ વીક્રીડીત છંદ.

ત્રાતા તાત સુરેશ લેશ તુંજમા, ખામી નથી શ્રીહરી,
ટાળે તું ઉદવેગ આધિતનની, દાતા દયા ને ધરી,
પીતા માત અનાથ નાથ ગણિને, પ્રાર્થું બિતી ભજના
રાખે સુખિ સહાય બાળ દિનને, દેવેંદ્ર નીરજના.

માલીની છંદ

વસુમતિ પતિ વીશુ, વિઘ્નહારી વિધાતા,
કિલવીપ ઇશ કાન, સ્યામ સુરેશ ત્રાતા,
શકત સુયશ ગાવા, હર્ષ ઉરે અમાપ,
સુરપતિ શિશનામી, વિઘ્ન ની [illegible]

પ્રા

• કલ્યાણ ઇશેજી વાજા

વદુ હું વી[illegible]સૂરીને, હર્ષ પુર્ણ આણીને;

હવે પુર્ણ આણીને ક દાસ ધર્મ જાણીને—વંદુ.
ભવાબ્ધીમાં ડુબેલ ભક્ત, તારો તેને માત શક્ત;
રહેમ દ્રષ્ટી રાખો છો, સુપાત્રને પ્રમાણીને—વંદુ
ભૂતળમા વસે છે દુષ્ટ, તે પરે તમારી દ્રષ્ટ,
એરવત છે નક્કી, હણો છો કોપ આણીને—વંદુ
સદૈવ સેવ તાહરી, દીએ દયાળી ઇશ્વરી;
કુ નષ્ટ તુ કરે, દીએ મા શુદ્ધ વાણીને—વંદુ
સતત આપ માત સુખ, વીનવો માગુછું મુખ,
યુગ ' હસ્ત જોડીને, હું પ્રાર્થુ રૂદ્ર રાણીને—વંદુ

નાથ કૈસે ગજકો એ રાહ.

સુજશ સ્નેહે ગાઉ ભુવન ભય હારી—ટેક
ભક્ત ઉધારણ મા જયકારી—સુજશ
અખિલ ભુવનની તુંછુ જનની, ભક્ત ચીંતા મન ધારી,
દિલ અવદાતા તું અસુરારી, આનદ કર મદ મારી—સુજશ.
મર્દન કરજે દુજ નીંદકને, શસ્ત્ર સગાળ ભુજ ધારી,
ખળ જન બળને મા દે પ્રજાળી, નાશ કરે કળ ભારી—સુજશ
અમૃતવત્ શુદ્ધ વાણી મનોહર, દે જગ કલ્યાણ કારી,
પૂર્ણ ઇચ્છા તુ હે કમલાક્ષી, રહેમ દ્રષ્ટી વીસતારી—સુજશ.

લાવણી.

(વિચારીને એ રાહ)
મનમાં સુમતી સ્થાપ
જનની ...

શક્તી નીતીને જાળવે, વળી નેક ટેક શુદ્ધ મનની;
હર અમીત્ર બળ (૨) વળી અતર અવક્ષેપ કાપ,
આદ્ય શક્તી ઉર્વી વિષે, જન મનમા સુમતી સ્થાપ
હા ફેલી કૈતવ (૨) અક્ષમ કર અઘહારી,
અન્યાલસ્ય જનની હરે, રક્ષણ કર ભવ ભય મારી;
કર દુર્જન નષ્ટ (૨) હર કીંકર તન મન તાપ,
આદ્ય શક્તી ઉર્વી વીષે, જન મનમા સુમતી સ્થાપ

કલ્યાણની ગરબ.

જય વિશ્વેશ્વરી, દીન અર્જે દીલ ધરી,
આદ્ય શક્તી માત, દાસ કષ્ટ લે હરી—જય
અશરણ દેવી શરણ આપને, મા મતી કરને શુદ્ધ,
બણી વિદ્યાની કૃપા બળથકી, કેવળ અમે અશુદ્ધ—જય
ઇચ્છીત ફળ દાતા તું ત્રાતા, શાતા કર જગ માય,
મગળ પ્રદ અવસર દે માતા, કર સકટમા સાય—જય
વાઘવાહની ભવભય હારી, માત પ્રણતની પાળ,
ખ્યાત પ્રબળતા વિશ્વ વિષે છે, દિલ દુખદ તમ ટાળ—જય
આપ શક્તી તું ભક્તી કરવા, જનની દુ ખહારી,
ગાય સુયશ મુખ મોતીચદ તો, દે મતી સુધારી—જય

આરતી.

મંગળ નામી દેવી, મગળ કરજે
ગ સનાળા વાસી, આરોગ્ય
હર્ષ ધરજી

ત્રોટક છંદ

કરજો કરુણા કરુણાધિ પતી, હરજો દુ ખને ધરિ આ વિનતી,
ભયને હરજો કરજો જય તુ, ભરને જનની દિલમા નય તુ
ક્ષય પાપ અમાપ કરે જનની, પુર આશ મહેશ્વરી તુ તનની;
સુખદા જગમા વિનયે વિનવી, ઉદવેગ હરો કમળાક્ષિ તવી.
અસુરારી દમે જન દુષ્ટ હિસે, રમજો ધરમી જન દિલ વિષે,
ભરજો ધ રથી ભરપૂર નિધી, હર આળસને અધઓઘ વિધી
દ જો જગમાત રિપૂ દળને, છળજો કપટી ઠગને ખળને,
ક્ષો કેલિ તણી જનની ગુચવે, સતુપથ નિતી શિળને સુચવે.

બનજારા.

મા જગની જન હીતકારી, ભવતારણુ ભવ ભયહારી
બહુ દર્દો દર્દીના નીવાર્યા, ભવ દધીથી કીંકર તાર્યા
દે અમૃત દષ્ટી પ્રસારી ભવતારણુ ભવ ભયહારી
કલ્યાણી જગતમા શરી, આશ સેવકજનની પૂરી
દુષ્ટ અસુરને દમનારી, ભવતારણુ ભવ ભયહારી
તુજ નીંદકને દુ ખ દીધા, જેણે દીન વચન મુખ કીધા,
ક્ષમા બક્ષી દયા દીલધારી, ભવતારણુ ભવ ભયહારી
તુજ મહિમા મુખ શુ ગાઉ, અલ્પમતી હું હારી જાઉ.
ની આ ર્નિ હારી, ભવતારણુ ભવ ભયહારી

રાણી.
ગઇ એ રાહ)
તુ, ભવ

અકળ ગતી તારી જનની,
પુર્ણ આશ, મારી મનની;
ચીંતા કાપ દેવી તને ી,
દીન અરજ દીલમા ધરી - જય.
શક્તી તુ સેવક તારે,
કામ ક્રોધ, મદને મારે,
દર્દ દેવી, દીલના ટાળે,
જગત પાળ, મહા ઇશ્વરી—જય.
કલ્યાણી સુમતી આપો,
માત પાપ ઉદધી કાપો,
નીવારજો જનની શ્રાપો,
દયા દેવી દીલમા ભરી—જય
તન તાપ ભસ્મજ તુ કરે,
નીધી ખૂબ શ્રીથી તુ ભરે,
તુજ ભક્તી જે જન આચરે;
શ્રેય તેનુ શક્તી કરી—જય.

માલીની છંદ.

જયકર હિતકારી, દુ ખ હાળીદ્રહારી,
ક્ષય કર રિપુઓને, હસ્તમા ખડગ ધારી.
સદય હૃદય દેવી, વીનતી શ્રણુ
ગમળ મતિ દેને, કુમતીને

નીતીત

નીશ્ચા થકી હે આદ્ય માયા, પ્રણમુ ઠીકર જોડીને,
તું એક પણ અનેક રૂપે, જગતમા માતા રહી,
દુઃખહારીણી વીશ્વેશ્વરી, શકતી કલ્યાણી તું સહી
ભવઅબ્ધીમા ડુબેલ છુ, મા રે'મની દ્રષ્ટી કરી,
ભીડભંજની કમળાક્ષી, તુ તારે દયાળી ઇશ્વરી;
આ અંગ નીર્મ્યુ અમતણુ, કેવળ નીતીને કારણે,
પણ ભ્રષ્ટવત્ થઇને પડયા છે, ષટ્ રીપુને બારણે
જેથી કરી મન મલીન છે, કર શુદ્ધ દીલ અરજી ધરી,
ભાગ્ય દીન અર્પે સદા, મંગળેશ્વરી એ ઉચરી,
જગી શાતી સ્થાપો, તાપ કાપો શકતી શ્રી હે અમતણા,
દુ ખદા અનીતીને ઉથાપો, વચન ધારિ દીન ઘણા
ચર્ણામ્બુજ નામી શીશ, મા પગ રજથકી પાવન થઇ
તુજ નામ મગળ ઇશ્વરી. કૃપાવડે નીશ્ચે લઇ,
વળી તુજ કૃપા બળથી હે માતા, બળ રીપુનુ તો હરી;
વળી આદ્ય શકતી તુજ બળે, આ ભવથકી સેજે તરી,
કેવળ તુજ કરૂણા થકી. સહુ સફળ કામો થાય છે,
સુદ્રષ્ટી વારીથી નકી, અતર અનળ ઓલાય છે,
કુપાત્ર પણ તુજ દ્રષ્ટીથી, સુપાત્ર નીશ્ચે થાય છે;
સુતત્ય સદ્રષ્ટી ચહી, ગુણ દાસ મોતી ગાય છે

રીતી

જગત જનુની ત્રાતા હોયે,
ભરને સુલક્ષણ એ

ભજને

ખડગ ત્રીશુળને ધાર્યો ભવાની, ભક્ત અરીબળ હર રૂદ્ર રાણી; ભ
બારંવારે હું મસ્તક નામુ, ઉદય કરે હર અરજને જાણી ર્જ

લાવણી.

(પૈસે જૈસી ચીજ જગતમેં—એ રાહ)

સૌરાષ્ટ્ર છે શહેર મોરબી, મનહરને રંજન કર્તા,
રાજ્ય કરે છે વાઘજીપતી, તખ્તતાજ શીરપર ધર્તા,
ગુણીયલ ભુપની મયુરપુરીને, શનાળુ તાબે છે સારૂં,
તત્ર વિરાજે શક્ત માવડી, શું જશ મુખથી ઉચારૂં
નાનુ સુનુ છે નકી ગામડુ, પણ ભવ્ય રચના તેની,
બીરાજતા શકતી કલ્યાણી, વડાઇ તો વ્યાપી એની,
અદ્ભુત્ ને આનદકારી છે, ધામ માતાજીનું નીશ્ચે,
યોગી અતીથી લીએ વીરની, શુદ્ધ દીલથી યશ પ્રીછે
મદીર સુદીર અતી ઓપતું, મન સૌનુ જોવા મ્હાતું,
સદ્ભાવથી દર્શ કરે છે, ગુણ માતાજીના ગાતુ
નાદ દુદુભીતણા થાય છે, સાયકાળે અતિ પ્રીય લાગે,
સમુહ નરનારીના આવતા, દર્શન કરવા અનુરાગે
ખડગ અને ત્રીશુળ ધર્યા છે, તસ્કરને મન ભય ભાગે
નીકટ દેરૂ છે શ્રી શકરનું, ભક્તજનના હીતકારી
મદા ધરો હનુમન ઉભા છે દર્શ [illegible]
ગમ ભક્ત પ્રતાપ થકી તો, થાયે [illegible]
છે નીત્યે, સાધુ [illegible]
[illegible]

અર્ચન કરતા અઘ સૌ બળશે, પ્રસન્ન થશે વળી આઇજી

પ્રબોધક કવીતા.

નામનકે બચે નાગ—એ રાહ

માતુના પ્રતાપથી, ઘણા ગયા તરી,
માતુના પ્રતાપથી, શાતી સરી ભરી—માતુના
માતુના પ્રતાપથી, ઘણા જનો ઠર્યા,
માતુના પ્રતાપથી, જય છત્ર શીર ધર્યા—માતુના
માતુના પ્રતાપથી, બહુ લક્ષ્મી તો વધી,
માતુના પ્રતાપે, સાપડયો વીદ્યાદધી—માતુના
માતુના પ્રતાપે, વ્યાધી મન તણી મટી,
માતુના પ્રતાપે, તનની આપદા ઘટી—માતુના.
માતુના પ્રતાપથી, વૃધી થઇ સતતી,
માતુના પ્રતાપે, શુભ કાર્યમા વૃતી.—માતુના
માતુના પ્રતાપે, જશ્ત કીર્ત્તિ તો મળી,
માતુના પ્રતાપે, સર્વ વાચ્છના ફળી—માતુના
માતુના પ્રતાપથી, મતી થૈ નીરમળી,
માતુના પ્રતાપથી, સુબુદ્ધિ ના ચળી—માતુના.
માતુના પ્રતાપે, ઐક્યતા અતી વસી,
... જારી તો ખસી—માતુના.
... દીસે રમી,
... નમી—માત...

માતુના પ્રતાપે, ઇર્ષ્યા બનીજ આખળી;
માટે વદો શકત માતુને, લળી લળી—માતુના.

આઠ.

અમુલ્ય નીશ્ચે માતનો પ્રતાપ માનવી—ટેક.
શક્તી શાની દાયીની છે, વ્યાધી હારીણી,
રટી સદા નામ શક્તીનુ, ટળે તાપ માનવી—અમુલ્ય
કલ્યાણી કમલાક્ષીને, મગળમુર્તી જે;
ભજી સદા પુર ભાવથી, બળે પાપ માનવી—અમુલ્ય
તોહે માતા આર્યના, ધારીને પુર્ણ ભાવ,
શક્ત માતા પાવની, જપો જાપ માનવી—અમુલ્ય.

કલ્યાણની ઠુમરી.

ભુવન છોડીને એક દી જાવુ, ઉત્તર દેતા છે ભય ભારીરે-ભુવન.
સ્નેહી સબધી સાથે ન આવે, થોડા દી પોકારી દે વીસારીરે-ભુવન.
(જેમ)સન્મીત્રથી ફળ સારૂં મળે છે, કુમીત્ર સોબત દુ ખકારીરે-ભુવન
તેમજ ધર્મે મોક્ષ મળે છે, પાપથી થાયે ગતી નઠારીરે-ભુવન.
માટે ધરમમા ધ્યાન લગાડી, પુજો આધ માયા અસુરારીરે-ભુવન.

સોરઠ.

(તેં તો ઘટમા ઘર કીધુ એ રાહ)

મન તુ સમજે હા દીલ મા
વિપળ એકનુ મુલ ન થાયે
ન થાય, સ

મુદ ધરી રમતો ચોપાટે, કપટ કુડ કરીને ખાટે;
ઇચ્છા હોય જે એમ, પહેલો ઉતરૂરે—મન તુ.
પ્રચ્છા પુરણ એની થાયે, અવર રમત નીશેં મંડાયે,
રકઝક ચાલી જાય, નહી એનું સારૂંરે—મન તુ
એમ રમતમા ચીત્તજ જાસે, દીવાકર તો અસ્તજ પામેઃ
જોડે નહી પણ છેક, મન મુદતુ ભર્યુંરે—મન તુ.
પણ સમજે છેવટ શુ આવુ, એક દીન છોડી જગ જાવુ;
ચીંતામા ચચ્ચુર, "દયી ભવસ્યે તરૂરે"—મન તું
માટે મનમાંહિ સમજીને, એવા ખોટા ધંદે છેક તજીને;
ભજે શક્ત સુખકાય, કહુ સાચુ ખરૂરે—મન તુ.

ગીતી.

મળી તણો ભય ભારી, છાપો મારે આણધાર્યો આવી,
દયાહીણ થઇ ગૃહશે, નહી છોડશે દયા લેશ લાવી
અલભ્ય તક આ માટે, શીદ વીતાવે સારથક વીનાની,
કલ્યાણી શક્તીને વંદો પ્રીતે આત્મ શ્રેય માની

સહર.

પાપ અનીતી રૂપી, રોગ ટાળ તું ધર્મ દવા પીને,
સકલ સુજશ સુખ ગહિ, જેથી સુકાર્યે પ્રસીદ્ધીને

ઓખાહરણનો રાગ.

ને મુરખ માનવ થાયે; શું કહુ, એવે પ્રાણી તુજ જાયે ટેક
એદી ઊંઘ નયનમા આણી,
મુરખ માનવ થાયે,
કેવળ કાઢેછે મુર્ખ નકામો,
શાને.

ગણુ સે'ક્ષો નહી ભવ સીંધુ, અતી કઠીન છે વેદે કીધુ,
ધર્મ વિના કદી ન તરાયે. શાને
પાપી હોડી તું હાકવા ચાહાશે, પણ ઇચ્છા સફળ ન થાશે,
મધ્ય દરીએ નક્કી તે ડુબાયે. શાને.
૯ વસ્તુ જાગતુ કાઢે તું એજે, ઉધા ખોપી નીતી નય ઠેલે;
નીચ ગોષ્ટીમા ચીત્ત ગુંથાયે શાને
ધર્મશાસ્ત્ર કરે નવ ધાર્યું, શર કુમતીનું તેં સ્વીકાર્યું; ૧૦
મુખ ગીત અમંગળ ગાયે શાને
હરીકથા ગુણી જન માડે, તેને ગાળો મુરખ તું ભાડે;
હરી નામ સુણી ન શકાયે. શાને
૬ હોયે પ્રપચી પુરો કો પાપી, કુડું કહે ન તેને કદાપી;
દેખી એને અતી હરખાયે. શાને.
પરીણામે જે છે દુઃખકારી, તેને ગણે તુંતો હીતકારી;
(પણ) સત્ય અસત્ય પ્રગટ થાયે, શાને મુરખ.
તુને વળગ્યો છે રોગજ ભારી, તેની દવા કરે અવીચારી;
જેથી દુઃખજ વધતુ જાયે, શાને.
સત્ય ઔષધ કર કા ન ટાણે, અણી કાળે પછી મન જાણે
ગળુ ખધ પછી શું પીવાયે, શાને.

ઝુલણા છંદની ...

માત ને તાત કો સાથ
જગતનો નેહ છે, છો
માયામાં લુબ્ધ તો થા
ડર વૈષ્ણવજનો દેખો મોટા.

ધર્મના કર્મમા મર્મ ધારી તને,
પારકુ શ્રેય જો કીધુ પ્રીતે;
ભવ દધી તો તરી જાય વેગે થકી,
જન્મ સફળ થયો જાણુ ચીત્તે
પણુ પ્રભુ ભક્તીમા પ્રીત આણી નહી,
જન્મનુ શ્રેય ઇચ્છયુ ન જો તેં;
પાપ પુરા કરી પુજ કીધા અરે,
થાય બુરી દશા નીશ્ચે મોતે
માટે હે માનવી, શ્રેય જો ઇચ્છતો,
આચરે કર્મ તુ ધર્મ કેરા,
મુક્તી જેથી મળે તાપ તનના ટળે;
દે ન જાવા તુ આવી સુ વેળા.

હરીગીત છંદ.

શીદને ફસાયો માનવી, પજા મહીં પ્રમદા તણા,
નીમગ્ન છુ દીન રાત, શ્યામા નેહના રૂપમા ઘણા;
તલ્લીન કરતી કામની, વાણી મધુરી ઉચરી,
રીઝાવતી મનરંજની, ગુલામવત્ વશ તો કરી.
જણાવતી જરૂર કામા, લક્ષણો પ્રીતી તણા,
ચીતકે રમતાં દીલ ઘણા;
પ તે રૂપની ભરી,
વત્ વશ તો કરી.
ાય નકી દીલમાં ભણે;
, સુખદાય છે ઞિમ આ ભણે;

ખ્વાશી કરી ખીસા તજે છે, મર્દને મદની ભરી,
રીઝાવતી મનરજની ગુલામવત્ વશ તો કરી
પલાળતી પળમા ત્રીયા, રીસાય છે નર જો કદી,
વળી દીર્ઘ પથ પ્રીતીતણો, પેખી જતી પ્રમદા મદી,
પ્રમદાતણો દુખદાય પજે, સમજણુ સુમતી ધરો,
રીઝાવતી મનરંજની, ગુલામવત્ વશ તો કરી
પ્રીતીતણા પથે ચડી, સહાય એ દુખદાય છે,
જર તો ગુમાવે પ્રીતમા, અદ્રશ્ય કીર્તી થાય છે,
રૂવે પુકારી ધન વિના, પછી દીવસ વીમાવરી,
રમાડતી મનરજની ગુલામવત્ વશ તો કરી
માટે તજી તે ફંદને, ડગ તો ભરો જ્યા ધર્મ છે
મુકતી મળે છે ધર્મથી, કીર્તીતણુ તે વર્ધ છે;
માટે ધરી મન ભાવને, વદે શકન માતુશરી
વાચ્છીત ફળ જેથી મળે, તન તાપ માના લે હરી,
ભાવે ભણો મુનિછંદ, મોતીચદ વીનવે વીનવે,
જનની તણા જશ ગા સદા, માળા ધરી કરમા હવે
જેના પ્રતાપે ભવતણો, હાડદધી ભ્રશે તરી,
તો માનરી જશ મા તણો, ગાએ મૂદ્દે ઉંમથી કરી.

એક માનવીનો મૃત્યુ વખતે પશ્ચાતાપ.

આશાગોડી.

ઉર નકી અકળાયે, અહા મારૂ ઉરૂ નકી અકળાયે
કાળનો પજો શીરપર પડશે,
ધર્મ મારગમા ડગ નવ દીધો
વ્યાકુળતામા જગત તણુ છુ,
ભાવ થકી કદી સેવ ન કીધ

સમાપ્ત

જાહેર ખબર.

ઘણીજ જાતના નાટકો તથા વારતાની ચોપડીઓ વીગેરે અ- મારી દુકાને તમામ મળી શકશે જેઓને રાખવાની ખુશી હોય તેણે નીચેને સીરનામે પત્ર લખી ખુલાસો કરવો

મોરબી નાની બજાર —બુકસેલર સુંદરજી મોતીચંદ દેસાઇ

શેઠ ઓધડ દોલતરામ, તથા રણછોડ ડુંગરશી, દેવકરણ બો- ધા, ધનજી ઝવેરચદ, પાનાચંદ પ્રેમજી, બાબુજી જેઠા એઓએ આ ચોપડીના અગાઉથી ગ્રાહક થઈ સારી મદદ આપી છે તેથી તેમનાં નામ અમર થવા આ જગ્યાએ છાપ્યા છે

મોરબી-માધાણીસ્ટ્રીટ લી. મોતીચંદ વિ શામજી માધાણી.

જાહેર ખબર.

નીચે લખેલી ચોપડીઓ જેઓ સાહેબને જોઈતી હોય તેઓએ મોરબીમા ગ્રથ કર્તા પાસેથી તેમજ બુકસેલર દેશાઈ સુંદરજી મો- તીચંદ પાસેથી રોકડી કીમ્મત મોકલી મગાવી લેવી પોસ્ટેજ જુદુ, નોટપેડ પત્ર નહીં લેવામા આવે એજ તા ૧૮-૨-૯૨

કરણ વાઘેલા નાટકના ગાયનો	રૂ	૦—૨—૦
પૃથુરાજ નાટકના ગાયનો	રૂ	૦—૨—૦
શ્રી શક્ત સ્તુતિ	રૂ	૦—૨—૦
સતી કરમાદેવીના ગાયનો	રૂ	૦—૨—૦
રાણસીંહ ગોહીલના ગાયનો		(હવે પ[illegible]
હરિશ્ચંદ્ર નાટકના ગાયનો		(હવે પછી)

પૃથુરાજ અને તારામતી નાટકનું મોટું પુસ્તક અમારા તર[illegible] ટુંક મુદતમા બહાર પડનાર છે. અગાઉથી આશ્રય આપનાર પા[illegible] રૂ. ૦—૧૨—૦ લેવામા આવશે પાછળથી રૂ ૧ [illegible] —૦ [illegible]આવશે, પોસ્ટેજ જુદુ દશ પ્રતે એક પ્રત ભેટ, [illegible]ને ગ્રાહક થવાની [illegible]ઓએ [illegible] આપવા

[illegible]તીચંદ વી શા. [illegible]કર્તા